

# Roshni

Reaching Out to Serve Humanity with New

February 2022 | Issue No. 27 | Monthly Newsletter

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:- પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું, અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

PRABHAT EDUCATION FOUNDATION





એક ભાઈ કે જે બોલવાનું શીખવાની શરૂઆત કરે છે અને તેના મોઢે સૌથી પહેલા સંભળાય છે. અ-ઈ-સા, અ-ઈ-સા, અ-ઈ-સા, [મનીષા] આ સાંભળીને ઘરમાં રહેલી મનીષા દોડતી આવે અને સામે ટહુકો આપે છે. ગણેશ...ગનુ...ગણેશ ક્યાં છે? આ સાંભળીને બહેનનું રીપીટિશન કરે છે અને તે પણ ગણેશ...ગનુ... તેમ બોલે છે. ખુબ જ સુંદર અને ક્યૂટ દેખાતો ગણેશ બહેનનો ચહેરો તો જોઈ શકતો નથી, પરંતુ બહેનનો અવાજ ઓળખે છે. બહેન આસપાસ હોય તો તેના પગરવનો અહેસાસ કરે છે અને તરત ચાલુ કરી દે છે, અ-ઈ-આ, અ-ઈ-આ અને બહેન મનીષા બધું કામ પડતું મૂકીને ગનુની જોડે બેસી જાય છે. તેના સાથે ફેરવે છે તેને ગલી ગલી કરીને હસાવે છે આમ આ બંને નાનકડા ભાઈ-બહેનનો સંવાદ તેમનું વર્તન, વાણી તમે જુઓ તો અહેસાસ થશે કે સાચો પ્રેમ શું છે? નિર્દોષતા શું છે? નિઃસ્વાર્થતા શું છે?

6 વર્ષનો ગણેશ છે અને 11 વર્ષની મનીષા છે. ગણેશ પ્રભાતનો હોમબેઝ પ્રોગ્રામનો સ્ટુડન્ટ છે. તેના ફેમિલીમાં માતા-પિતા, 3 બહેનો, કાકા-કાકી અને તેમનો છોકરો, મોટા કાકા-કાકી. આમ 14 સભ્યોનું સયુંકત ફેમિલી છે. ઘરનું વાતાવરણ એકદમ પ્રેમાળ છે અને ગણેશ ઘરનો સૌથી લાડકો નાનો સભ્ય છે.

જયારે મનીષા સ્કૂલે જાય ત્યારે નાની 3 વર્ષની આરતી ભૈલું, ભૈલું કરીને ગણેશને બોલાવે છે. ગણેશ તેનું નામ પણ બોલવાનો પ્રયત્ન કરે છે. આ...તી, આ...તી ત્યારે નાની આરતી ખૂબ ખુશ થઈ જાય છે, અને તાલી પાડીને બોલ ઉઠે છે કે મમ્મી મારું નામ બોલ્યો .



ગણેશની સૌથી વધુ નિકટતા તેની બહેન મનીષા જોડે છે. મનીષા સ્કૂલેથી ઘરે આવે તો દફ્તર મૂકીને સૌથી પહેલા ગણેશ પાસે જાય છે. જો ગણેશ ઉંઘી ગયો હોય તો મનીષા તરત જ કહેશે કે મમ્મી ગનુ રડયો તો? તેની તબિયત સારી નથી, કેમ તે ઉંઘી ગયો? આવા કંઈ કેટલા પ્રશ્નો મનીષા મમ્મીને પૂછી લેતા અને ત્યારબાદ પોતાનું કાર્ય કરતા કરતા જાણે રાહ જ જોતી હોય કે ક્યારે ગનુ ઉઠે અને ક્યારે હું એની પાસે જાઉં. ગણેશ ઉઠીને થોડું રડતા રડતા અવાજ કરે ત્યાં તો આ નાનકડી દીદી પાણીનો ગ્લાસ, ચમચી અને મોઢું સાફ કરવા રુમાલ લઈને હાજર થઈ જાય. ચમચીએ, ચમચીએ ગણેશને પાણી પીવડાવતી જાય અને બોલાવતી જાય. ગણેશના વગર કહ્યે ટી.વી. માં ગણેશને ગમતી કાર્ટૂન ફિલ્મ મોટું-પતલુ મૂકી દે, ગણેશ સુતાં-સુતાં સંવાદો સાંભળતો જાય અને મનીષા સાથે મસ્તી કરતો જાય. મનીષાનો હાથ પકડી રાખે અને આ...ઈ...સા કહીને મનીષાની પણ સામે બોલવા માટે પ્રેરે. તે દરમ્યાન ગણેશનું સંપૂર્ણ ધ્યાન રાખતી મનીષા પાણી પીવડાવે પછી ડીશમાં કોરાં મમરા લાવીને મુકે, ગણેશ સુતાં-સુતાં મમરા ખાતો જાય અને મસ્તી કરતો જાય.

મનીષા તેને સરસ મઝાના બાળગીતો કે જે તે સ્કૂલમાંથી શીખીને આવે તે ગાઈને સંભળાવે છે, તો ગણેશ વચ્ચે-વચ્ચે આ-આ- કરીને જાણે આનંદ વ્યક્ત કરતો હોય તેવી અભિવ્યક્તિ કરે છે. આ સંબંધ દિલથી હોય છે, જે કોઈએ શીખવવા નથી પડતા. જો ગણેશને તાવ આવ્યો કે કંઈક બીમારી થઈ તો મનીષા એ દિવસે સ્કૂલે નથી જતી અને ગનુની પાસે જ બેસી રહે છે,અને તેને સાચવે છે.

આ સુચવે છે કે પ્રેમ અને સ્નેહને નથી કોઈ શરીરની મુશ્કેલી બાધારુપ બનતી કે નથી આર્થિક સ્થિતિ. તેમાં ફક્ત અને ફક્ત હોય છે નિઃસ્વાર્થતા અને નિર્મળતા. (નામ બદલેલ છે.)

**એકટીવીટી કરીને તણાવ દૂર કરીએ:-** 'નવા સામાન્ય'સાથે નોર્મલ થવું અથવા જૂની રીતો પર પાછા આવવું એ આપણા દરેક માટે સમય લઇ લે તેવું છે, ત્યારે તેને સરળ અને મનોરંજક બનાવવા માટે સંસ્થાએ પોતાની ટીમ માટે આનંદદાયક દિવસનું આયોજન કર્યું હતું. સંજય જોશીના નેતૃત્વ હેઠળ પાલડી 'સ્કેપ યાર્ડ'માં સંસ્થાની ટીમને તેમના બાળપણની યાદ તાજી કરાવી આનંદ કરાવવામાં આવ્યો. બાળપણમાં રમવામાં આવતી રમતો રમાડી ભાઈ-બહેનની હરીફાઈની વાતો અને તેઓએ તે સમયે કરેલી રમુજી વાતો એકબીજા સાથે શેર કરી. ટીમે કઠપૂતળીઓનો ઉપયોગ કરીને કલ્પિત દુનિયાની રચના કરી વાર્તાઓ કહી. બાળકોની જેમ ટીમે પણ દોડી, કુદકા મારીને રમતો રમી અને ખૂબ આનંદ માણ્યો.

**વિતરણ:-** દર મહિને સંસ્થા પોતાના બાળકો અને તેમના પરિવારજનોને જીવનની મુશ્કેલીઓમાં થોડી રાહત મળી રહે તેવા પ્રયત્ન કરતી હોય છે, તથા આ પ્રયત્નમાં સંસ્થાને સહકાર આપનાર મિત્રો તથા શુભચિંતકોનો સંસ્થા આભાર માને છે! આ મહિનામાં સંસ્થા ઉનાળા દરમ્યાન ઠંડક અને રક્ષણ મળી રહે તે માટેની ગ્રીન નેટ, સીલિંગ ફેન, તથા કસરત કરવા અને બેસવા માટેની ચટ્ટાઈ તથા સ્ટેશનરીના વિતરણ માટે સક્ષમ રહી છે.

**સંસ્થાના ઓનલાઈન વોલિયન્ટર્સ સાથે પ્રથમ મુલાકાત અને અભિવાદન:-** અમદાવાદ યુનિવર્સીટીના ઓનલાઇન વોલિયટર્સે પ્રભાત સંસ્થાની મુલાકાત લીધી અને તેમને આવકારવા માટે સંસ્થા ખૂબ ખુશ હતી. આ વોલિયટર્સે અત્યાર સુધી ઓનલાઇન સેશન લીધા હતા,જેમાં તેઓ વિડીયોકોલ દ્વારા સંસ્થાના શિક્ષકો અને બાળકોને મળ્યા હતા. ઓનલાઇન એકેડેમીક એકટીવીટી વોલિયટર્સ દ્વારા તૈયાર કરવામાં આવતી અને તે બાળકો સુધી પહોંચાડવામાં આવતી. આ મહિને અમદાવાદ યુનિવર્સીટીના કેટલાક વિધાર્થીઓને પ્રભાત સંસ્થાની મુલાકાત લેવાની અને સ્પેશિયલ એજ્યુકેટર, બાળકો તથા હોમવીઝીટ કરવાની તક મળી. જો કે ઓનલાઇન દ્વારા આપણે એકસાથે ઘણા-બધા વિધાર્થીઓ સાથે મળીને પ્રવૃતિઓ કરી હતી, પરંતુ સંસ્થાની મુલાકાતે આવેલ વિધાર્થીઓએ જણાવ્યું કે, "ઓફલાઈન અનુભવ જેવો અનુભવ ઓનલાઇનમાં નથી." તે સાંભળીને સંસ્થાને ખુશીનો અનુભવ થયો.

**એક દિવસ પ્રભાતના નામે:-** વિધાર્થીઓ, અન્ય કાર્યકારી અધિકારીઓ, કોર્પોરેટરો અને એવા દરેક લોકો કે જેઓ સંસ્થાના બાળકો સાથે સમય પસાર કરવા ઈચ્છતા હોય તેઓ માટે સંસ્થા દ્વારા તક પૂરી પાડવાની શરૂઆત કરવામાં આવી છે. સંસ્થાને તેના 16 વર્ષના અનુભવ દરમ્યાન જાણવા મળ્યું છે કે દરેક વ્યકિત અન્ય કારણો (રોજિંદા કામ સિવાયના) માટે પૂરતો સમય કાઢી શકતો નથી, પણ જરૂરથી તેનો અનુભવ કરવા માંગે છે. આને ધ્યાનમાં રાખીને સંસ્થાએ આ પહેલ શરુ કરેલી છે. તેમાં બાળકો સાથે મનોરંજક પ્રવૃત્તિ કરવી, બાળકોને જમાડવું, તેમના મમ્મી-પપ્પા સાથે વાતચીત કરવી, ટીમ સાથે વાતચીત કરવી. તે ઉપરાંત આ અનુભવને પોતાના માટે અને બાળકો માટે યાદગાર બનાવવાનો સમાવેશ થાય છે. સંસ્થા આ પહેલને પુનર્જીવિત કરવામાં સફળ રહી છે. આ મહિને સંસ્થાના એક નાનકડા દોસ્તે પોતાનો જન્મદિવસ સંસ્થાના બાળકો સાથે ઉજવ્યો. તેને સંસ્થાના બાળકો સાથે રમતો રમીને સમય પસાર કર્યો હતો. સંસ્થાના બાળકોએ ખૂબ આનંદ માણ્યો હતો! સંસ્થા આવા દિવસોની રાહ જુવે છે.

**આઉટડોર રમતો દ્વારા લર્નિંગ:-** આ મહિને બાળકોના શિક્ષણમાં જુદી-જુદી આઉટડોર રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેવી કે, લીંબુ-ચમચી,ક્રિકેટ, દોડ વગેરે. આઉટડોર રમતો દ્વારા બાળકોને લર્નિંગ આપવાથી બાળકોને સમજવામાં સરળતા રહે છે. તે ઉપરાંત રમતો ગ્રૂપમાં રમવાની હોવાથી બાળકોમાં સામાજિક સંબંધો અંગેની જાણકારી વધે છે. આ રમતો કોવીડ પછીના પડકારોને હળવા કરવામાં પણ મદદ કરે છે.

**સંસ્થાના ડહેલુંનું નવીનીકરણ:-** સંસ્થા પોતાના બાળકો માટે કંઈક નવું કરવા હંમેશા આગળ રહી છે. આ મહિને સંસ્થાએ બાળકો માટે પોતાના ડહેલુંને મનોરંજનક અને રસપ્રદ બનાવવાને હાથ ધર્યા છે. તેમાં શિક્ષકો, બાળકો, તેમના માતા-પિતાના સહાયથી ડહેલું ખૂબ સરસ લાગી રહ્યું છે!

**સર્વે અને ટ્રેનિંગ:-** સ્કૂલો અને આંગણવાડી રેગલુર ખુલી ગયા છે, ત્યારે સંસ્થાએ તેમની સાથેના જોડાણ અને સહયોગની તક ઝડપી લીધી છે. આ માટેની પ્રાથમિકતા તરીકે સર્વે કરવામાં આવ્યો અને બહેરામપુરા વિસ્તારમાં 20 આંગણવાડી બહેનોને દિવ્યાંગતાના વિષય પર તાલીમ આપવામાં આવી હતી. નાના બાળકોમાં જોવા મળતી અમુક પ્રકારની દિવ્યાંગતા ઓળખવામાં (અર્લી ઇન્ટરવેસન) સંસ્થા આ બહેનોને ગ્રુપ ડિસ્કશન કરીને માહિતી પ્રદાન કરે છે.

# ફોટો-ગેલેરી


















**PRABHAT EDUCATION FOUNDATION**

A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT
EDUCATION FOUNDATION